# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-08-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*****************************************************

- ✓ સરકારે પીએમ સૌર ઘર મફત વીજળી યોજના હેઠળ આદર્શ સૌર ઘર માટેની માર્ગદર્શિકા જાહેર કરી, વિજેતા ગામોને મળશે 1 કરોડની નાણાકીય સહાય
- ✓ ચાલુ ત્રિમાસિક ગાળમાં ભારતીય નિકાસમાં 111.74 બિલિયન અમેરિકી ડૉલર સાથે 4.2 ટકાનો વધારો
- ✓ રાષ્ટ્રીય નશા મુક્તિ ઝુંબેશ અંતર્ગત દેશભરમાંથી 1 કરોડથી વધુ લોકોએ નશા મુક્તિ માટેના શપથ લીધા
- ✓ જમ્મૂ કાશ્મીરમાં ઉપરાજ્યપાલના વડપણમાં આયોજીત તિરંગા યાત્રામાં હજારો લોકો ઉમટ્યાં
- ✓ દેશના સર્વશ્રેષ્ઠ વ્યવસ્થાપન સંસ્થાનોની યાદીમાં IIM- અમદાવાદ સતત પાંચમી વાર પ્રથમ ક્મ્રાંકે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## GOVERNMENT ON SOLAR MODEL VILLAGE

સરકારે પીએમ સૌર ઘર મફત વીજળી યોજના હેઠળ આદર્શ સૌર ઘર માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે. નવીન અને પુનહપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા એક

નિવેદનમાં કહેવાયું છે કે આ યોજના અંતર્ગત પ્રત્યેક જિલ્લામાં એક સૌર ગામ તૈયાર કરાશે. મંત્રાલયે જણાવ્યું છે કે પ્રત્યેક સૌર ગામ દીઠ રૂપિયા એક કરોડ, જ્યારે કે સમગ્ર યોજનામાં કુલ 800 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. વધુમાં આ યોજના હેઠળ પાંચ હજારની વસતી ધરાવતા જયારે કે, વિશેષ શ્રેણીમાં બે હજારથી વધુ વસતિ ધરાવતા અને આવક કરતા ગામોને સામેલ કરાશે.

મંત્રાલયે જણાવ્યું છે કે જિલ્લા સ્તરીય સમિતિ દ્વારા સંભવિત ગામોની જાહેરાત બાદ છ મહિનામાં ગામોની પુનહપ્રાપ્ય ઊર્જાની ક્ષમતાને આધારે ગામોની મૂલ્યાંકન કરાશે. દરેક જિલ્લામાં સૌથી લધુ પુનહપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ધરાવતા વિજેતા ગામને રૂપિયા એક કરોડની નાણાકીય સહાય પ્રાપ્ત થશે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં સરકારે છત પર સૌર ઊર્જા ઉત્પાદનની ભાગીદારીને વધારવા તેમજ રહેણાંક વિસ્તારોમાં વીજળી ઉત્પન્ન કરવા માટે સશક્તિકરણ કરવાના હેતુથી આ યોજનાને મંજૂરી આપી હતી.

## INDIA GOOD EXPORTS

ભારતીય આયાત – નિકાસ બેંકના તાજા અહેવાલ અનુસાર જુલાઈ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં વિદેશી બજારોમાં ઉત્પાદનમાં વધારો તેમજ ઉંચી માગને જોતા  ભારતીય નિકાસમાં 111.74 બિલિયન અમેરિકી ડૉલર સાથે 4.2 ટકાનો વધારો થયો છે.

અહેવાલ અનુસાર બિન તેલિય નિકાસમાં અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીમાં 6.26 ટકાનો વધારો થયો છે. આ વધારો 2024-25ના બીજા ત્રિમાસિક ગાળામાં પણ યથાવત રહેવાની શક્યતા છે.

જોકે અહેવાલમાં પશ્ચિમ એશિયામાં કટોકટી અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે સંભવિત આર્થિક અનિશ્ચિતતાને જોતા નુકસાનના જોખમો અંગે ચેતવણી આપવામાં આવી છે.

## JAISHANKAR-MOU

કેન્દ્રીય વિદેશમંત્રી એસ. જયશંકર અને માલદીવમાં તેમના સમકક્ષ મૂસા ઝમિરે, વર્ષ 2024થી 2029 વચ્ચે માલદિવ સનદી અધિકારીઓના કૌશલ્ય વર્ધન અંગેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. માલદીવની રાજધાનીમાં ગત 9 ઑગસ્ટના રોજ આ કરારનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું.

આ નવી ભાગીદારીથી જાહેર ક્ષેત્રે સનદી અધિકારીઓના ક્ષમતા વર્ધન, અમલીકરણ અને પ્રાદેશિક વહીવટીતંત્ર સંદર્ભેની નીતિમાં મદદ મળશે. સાથે જ ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો મજબૂત બનશે.

## NASHA MUKT BHARAT ABHIYAN (NMBA)

સામાજિક ન્યાય અને કલ્યાણ મંત્રાલયે નશા મુક્ત અભિયાન અંતર્ગત સમૂહ શપથવિધિ સમારોહનુ  આયોજન કર્યું હતું. કેન્દ્રીય સામાજિક ન્યાય અને કલ્યાણ મંત્રી ડૉ. વિરેન્દ્ર કુમારે નવી દિલ્હીમાં લોકોને નશા મુક્તિ માટેના શપથ લેવડાવ્યા હતા. આ વર્ષે વિકાસ ‘ભારતનો મંત્ર, ભારત બને નશાથી સ્વતંત્ર’ વિષય હેઠળ તેની ઉજવવણી કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય મંત્રીએ સમારોહને સંબોધતા જણાવ્યું કે અત્યાર સુધીમાં દેશમાં 11 કરોડથી વધુ લોકો આ ઝુંબેશ સાથે જોડાઈ ચૂક્યા છે. આજે આયોજીત આ ઓનલાઇન કાર્યક્રમમાં વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો, કેન્દ્રીય મંત્રાલયો, વિદ્યાર્થીઓ, શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટી, NCC વિદ્યાર્થીઓ, સહિત એક કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

સમાજિક ન્યાય અને કલ્યાણ મંત્રાલય દ્વારા 15 ઑગસ્ટ, 2020ના રોજ નશા મુક્ત અભિયાન ઝુંબેશનો પ્રારંભ કરાયો હતો.

## SRINAGAR -TIRANGA RALLY

જમ્મૂ કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિન્હાએ આજે શ્રીનગરમાં તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમની સાથે અધિકારીઓ, ભાજપના અન્ય નેતાઓ

સહિત હજારોની સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. આ પ્રસંગે સંબોધન કરતા ઉપ-રાજ્યપાલે જણાવ્યું કે જમ્મૂ કાશ્મીરમાં હર ઘર તિરંગા અભિયાન જન આંદોલન તરીકે ઉભરી રહ્યું છે.

ઉપરાજ્યપાલે જમ્મુ-કાશ્મીરના શહીદો અને બહાદુરોને સમર્પિત એક લઘુ પુસ્તકનું અનાવરણ કર્યું તેમજ આ પ્રસંગે તિરંગા હસ્તાક્ષર ઝુંબેશનો પ્રારંભ પણ કરાવ્યો.

## EVE WB AIIMS

પશ્ચિમ બંગાળની આરજી કર સરકારી હૉસ્પિટલમાં મહિલા ડૉક્ટર સાથે કથિત દુષ્કર્મ અને હત્યાની ઘટના બાદ દેશભરમાં તબીબો રાષ્ટ્રીય હડતાળ પર ઉતરી ગયા છે. દરમિયાન દિલ્હીની એઇમ્સ હૉસ્પિટલમાં ઓપીડી સેવા બંધ હોવાનું એઇમ્સ વહીવટીતંત્રએ એક નિવેદનમાં જણાવ્યું છે. જે દર્દીઓએ અગાઉથી નોંધણી કરાવીને સમય લીધો હોય તેમના કેસ લેવાશે, જ્યારે કે હડતાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી નવા કેસ સ્વીકારવામાં નહીં આવે. આ નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, તબીબોની રાષ્ટ્રીય વ્યાપી હડતાળ વચ્ચે આપાતકાલિન સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.

દિલ્હીની રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં પણ દર્દીઓને મુશ્કેલી ન પડે એ માટેના પગલાં લેવાઈ રહ્યા છે. રાષ્ટ્રીય વ્યાપી આ હડતાળમાં રાજધાનીની મોટી સરકારી હૉસ્પિટલ્સમાં સફદરજંગ, લેડી હાર્ડિન્ગે અને મૌલાના આઝાદ મેડિકલ કૉલેજના તબીબો પણ સામેલ થયા છે, જેને કારણે હજારોની સંખ્યામાં દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

## PM ON OLYMPIC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે તમામ એથલિટ્સે ઑલિમ્પિકમાં તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે અને દેશના દરેક નાગરિકને ગૌરવ અપાવ્યું છે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે પેરિસ ઑલિમ્પિકનું સમાપન થયું છે, અને તેઓ ભારતીય ખેલાડીઓના પ્રયાસોને બિરદાવે છે.

ઉલ્લેખનીય છે કે ભારત 16 જેટલી જુદી જુદી રમતોમાં, એક રજત ચંદ્રક અને પાંચ કાંસ્ય ચંદ્રક સાથે 117 દેશોની યાદીમાં 71માં ક્રમાંકે રહ્યું.

## IIM A NIRF RANKING

અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટીટટ્યૂટ ઓફ મેનેજમેન્ટને શિક્ષણ મંત્રાલય દ્વારા સતત પાંચમી વખત દેશની સૌથી શ્રેષ્ઠ વ્યવસ્થાપન સંસ્થાનનો ક્રમાંક પ્રાપ્ત થયો છે.

શિક્ષણ મંત્રાલય દ્વારા આજે જાહેર કરાયેલી શૈક્ષણિક સંસ્થાઓની યાદીમાં IIM-A ને આ સ્થાન પ્રાપ્ત થયું છે.

આ અંગે IIM-A ના નિદેશક પ્રૉફેસર ભરત ભાસ્કરે આ સંસ્થા પ્રબંધ શિક્ષણ અને સંશોધનમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા કટિબદ્ધ હોવાનું જણાવી, સતત પાંચમી વખત N.I.R.F. ની યાદીમાં સૌથી શ્રેષ્ઠ સંસ્થા તરીકે પસંદગી થવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી છે.

## BJP ON HINDENBURG

કૉંગ્રેસ ભારતીય શેર બજારને અસ્થાયી કરવાના પ્રયાસો કરી રહી હોવાના આરોપ ભારતીય જનતા પક્ષે કર્યો છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ભાજપના નેતા રવિ શંકર પ્રસાદે જણાવ્યું કે તેઓ શેર બજારને તોડવા માગે છે, જેથી નાના રોકાણકારો મૂડરોકાણ કરતા ડરે.

વધુમાં તેમણે જણાવ્યું કે, વિદેશી તાકતો ભારતીય શેરબજારોમાં વિદેશી મૂડી રોકાણને અવરોધવા માગે છે. હિંડનબર્ગ મામલે સવાલો ઉઠાવડા શ્રી પ્રસાદે આરોપ લગાવ્યો કે અમેરિકી રોકાણકાર જ્યોર્જ સોરોસનું હિંડનબર્ગમાં રોકાણ છે, અને તેઓ નિયમિતપણે ભારત વિરુદ્ધ પ્રચાર કરે છે.

# BANGLADESH POLICE

બાંગ્લાદેશમાં પોલીસકર્મીઓ કામના સ્થળોએ પરત ફર્યા છે. આવામી લીગના નેતૃત્વ હેઠળની સરકારના પતન બાદ બાંગ્લાદેશના અનેક પોલીસ સ્ટેશનને નિશાન બનાવાયા હતા. પોલીસકર્મીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને ફરજ પરથી દૂર રાખવામાં આવ્યા હતા.

છેલ્લા કેટલાક દિવસોમાં ઢાકા સહિત વિવિધ ભાગોમાં વિદ્યાર્થીઓ ટ્રાફિકનું સંચાલન કરતા જોવા મળ્યા હતા. હડતાળ પર ઉતરેલા પોલીસ અધિકારીઓએ વચગાળાની સરકારના ગૃહ સલાહકાર, બ્રિગેડિયર જનરલ એમ સખાવત હુસૈન સાથેની બેઠક બાદ તેમની હ઼ડતાળ સમેટી લીધી છે. આ બેઠકમાં પોલીસકર્મીઓનો યુનિફોર્મ અને લોગો બદલવાનો નિર્ણય પણ લેવાયો હતો.

# IMD WEATHER

હવામાન વિભાગે આગામી ચોવીસ કલાક દરમિયાન દેશના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જે અનુસાર, ઉત્તરાખંડ, હરિયાણા, દિલ્હી, પૂર્વીય રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પર્વતીય પશ્ચિમ બંગાળ ભાગો, ઝારખંડ, કેરળ, તામિલનાડુ, રાયલસીમા અને દક્ષિણ કર્ણાટકના આંતરિક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે કેટલાક સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.

પૂર્વીય રાજસ્થાનમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે. આ ઉપરાંત તટિય પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, તટીય આંધ્ર પ્રદેશ, વિદર્ભ, પૂર્વીય ગુજરાત, લક્ષદ્વીપ, આંદમાન અને નિકોબાર દ્વીપ સમૂહમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

તો આ તરફ લદ્દાખ, રાજસ્થાન અને પશ્ચિમ ભાગોમાં સૌરાષ્ટ્ર અને કચ્છ, મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર, દક્ષિણ તેલંગાણા તેમજ ઉત્તરી કર્ણાટકમાં હળવો વરસાદ વરસી શકે છે.